Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ગુજરાતમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજનાનો અભ્યાસ

સંશોધક

શહેનાજ એસ.ઠેબા

પીએચ.ડી સ્કોલર, એમ.એ.( અર્થશાસ્ત્ર)

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

જુનાગઢ

## 1 સારાંશ :-

ભારત એ ઘણી સામાજીક અને આર્થિક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે.જેમાં ગરીબી,ભૂખમરો,કુપોષણ અને બેરોજગારી વગેરેનો સમાવેશ થાય છે.જેમાં કુપોષણની સમસ્યા એ મોટી ચિંતાજનક સમસ્યા છે.આ સમસ્યાનો ભોગ ખાસ કરીને નાના બાળકો બને છે જે આવતીકાલનું ભાવી છે.તેથી આ સમસ્યાને હલ કરવા માટે ભારત સરકારે 2 ઓક્ટોબર 1975 ના રોજ સંકલિત બાળ વિકાસ સેવા યોજનાની શરૂઆત કરી.જેથી કરી કુપોષણમાં અને કુપોષણથી થતાં મૃત્યુમાં ઘટાડો કરી શકાય.પ્રસ્તુત સંશોધન પત્ર માં સંકલિત બાળ વિકાસ સેવા યોજના નો પરિચય તેનો વ્યાપ અને લાભાર્થીઓની ચર્ચા કરવામાં આવી છે.

**કી – વર્ડ**: એકીકૃત, સંકલિત

## 2 પ્રસ્તાવના :-

દેશના બાળકો એ આપણા ભાવિ મન માનવ સંસાધનો છે.પરંતુ આ જ બાળકો ગરીબી,ભૂખમરો અને કુપોષણ જેવી મહામારી નો સામનો કરી રહ્યા છે.આ મહામારી ને દુર કરવા માટે ભારત સરકારે ગાંધી જયંતીના દિવસે એટલે કે 2 ઑક્ટોબર,1975ના રોજશ ICDS - સંકલિત બાળ વિકાસ સેવા યોજનાની શરૂઆત કરી.આ યોજનાનો મુખ્ય ઉદેશ 0 થી 6 વર્ષની વયજુથના બાળકો,15 થી 45 વર્ષની કિશોરીઓ અને મહિલાઓ તેમજ ગર્ભવતી અને ધાત્રી માતાઓને પૂરતું પોષણ આપવાનો તેમજ સામાજિક,માનસિક અને શૈક્ષણિક વિકાસ કરવાનો છે.

## 3 હેતુ :-

- ગુજરાતમાં આઇ.સી.ડી.એસ.યોજના નો પરિચય આપવો.
- ગુજરાતમાં આઇ.સી.ડી.એસ.યોજના દ્વારા અપાતી સેવાઓ નો અભ્યાસ કરવો તેમજ તેની અસરો ચકાસવી.
- ગુજરાતમાં આઇ.સી.ડી.એસ.યોજનાનો વ્યાપ જાણવો.
- ગુજરાતમાં આ યોજના દ્વારા અપાતા લાભો જાણવા.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- આ યોજના અમલી થવાથી કુપોષણથી પીડાતા બાળકો નું પ્રમાણ જાણવું.

## 4 સંકલિત બાળ વિકાસ સેવા યોજના નો પરિચય :-

0 થી 6 વર્ષની વય જુથના બાળકો ભારતની વસ્તીમાં લગભગ 158 મિલિયન( 2011ની વસ્તી પ્રમાણે)છે.આ બાળકો દેશના ભાવિ છે પરંતુ આ જ બાળકો ગરીબીને લીધે ભૂખમરો અને કુપોષણ જેવી સમસ્યાઓથી પીડાય છે.આ સમસ્યાને હલ કરવા ભારત સરકારે મહિલા અને બાળકોની સુરક્ષા માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે.જેમાંની એક છે **"સંકલિત બાળ વિકાસ સેવા યોજના"-ICDS**જેનો સંક્ષિપ્ત અભ્યાસ પ્રસ્તુત સંશોધન પત્ર માં કરવામાં આવ્યો છે.

આ યોજનાને એકીકૃત બાળ વિકાસ સેવા યોજના પણ કહેવામાં આવે છે.તેને અંગ્રેજીમાં icds એટલે કે Integrated Child Development Service Scheme કહેવામાં આવે છે.

આ યોજનાની શરૂઆત 2 ઓક્ટોબર 1975 ના રોજ ગુજરાત રાજ્યના છોટાઉદેપુર થી કરવામાં આવી હતી.જે પ્રારંભિક બાળપણ વિકાસ માટે વિશ્વનો સૌથી મોટો કાર્યક્રમ રજુ કરે છે.ગુજરાતમાં આ યોજના 1975 મા  33 બ્લોકથી ચાલુ કરવામાં આવી હતી જે હાલમાં અંદાજે 336 બ્લોકમાં કાર્યરત છે.

આ યોજનાનું મુખ્ય કેન્દ્રબિંદુ આંગણવાડી છે.જેના દ્વારા આ યોજનાના લાભો આપવામાં આવે છે.જેમાં અંદાજે 53029 જેટલી આંગણવાડીઓમાં યોજના કાર્યરત છે.આ યોજનાનો લાભ અંદાજે 50.36 લાખ લાભાર્થીઓ જેમાં 0 થી 6 વર્ષની વય જુથના બાળકો 11 થી 18 વર્ષની કિશોરીઓ ,ધાત્રી માતાઓ તેમજ ગર્ભવતી મહિલાઓ નો સમાવેશ થાય છે.આ યોજના ભારત સરકારની મહિલા અને બાળ વિકાસ મંત્રાલય ની દેખરેખ હેઠળ ચલાવામાં આવે છે.

### 4.1 આ યોજના હેઠળ આપવામાં આવતી સેવાઓ :-

આ યોજના હેઠળ નીચે મુજબની સેવાઓ આપવામાં આવે છે

1.પૂરક પોષણ

2.આરોગ્ય તપાસ

3.પૂર્વ શાળા શિક્ષણ

4.રેફરલ સેવાઓ

5.રસીકરણ

6.પોષણ અને આરોગ્ય માહિતી

## 4.2 આ યોજના હેઠળ આપવામાં આવતા લાભો :-

આ યોજના હેઠળ બાળકો કિશોરીઓ તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને નીચે મુજબના લાભો આપવામાં આવે છે.

| 0 થી 6 વર્ષના બાળકો | 3 થી 6વર્ષના બાળકો | કિશોરીઓને આપવામાં આવતા લાભો | સગર્ભા અને ધાત્રી માતાઓને આપવામાં આવતા લાભો |
|---|---|---|---|
| 1. મપૂરક પોષણ | 1.રેફરલ સેવાઓ | 1.પૂરક પોષણ | 1.પૂરક પોષણ |
| 2.રેફરલ સેવાઓ | 2.પૂર્વ પ્રાથમિક શિક્ષણ | 2.આરોગ્ય અને પોષણ શિક્ષણ | 2.આરોગ્ય અને પોષણ શિક્ષણ |
| 3. ગૃહ મુલાકાત | | | 3.રેફરલ સેવાઓ |

## 5. સાહિત્ય સર્વેક્ષણ :-

સંદર્ભ સાહિત્ય એ કોઈપણ વિષય ક્ષેત્રના સંશોધકને માટે લક્ષ્ય પ્રાપ્તિ માટેનું અન્ય પીઠબળ પૂરું પાડે છે.આથી સંદર્ભ સાહિત્ય સંશોધન માટે ખૂબ જ જરૂરી છે.

### 1 જે.ઇ.જોસેફ (2013) :

પ્રસ્તુત સંશોધન લેખ "A Critical Review of the Efficacy of Integrated Child Development

Services Scheme with Concern to Growth Progressions in Early Childhood ", એ જે.ઇ.જોસેફ દ્વારા 2013 માં પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજનાની અસરકારકતા પર આલોચનાત્મક સમીક્ષા કરવામાં આવી છે. જેમા જે ગામડાઓમાં ICDS સેવા યોજના અમલી છે.તેની તુલનાએ જે ગામડાઓમાં ICDS સેવા યોજના અમલમાં નથી તેનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

## 2 જેમી એલીઝાબેથ જોસેફ (2013) :-

જ્યારે આરોગ્ય સુધરે છે તેના દ્વારા જીવન સુધરે છે આરોગ્યની સ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે જેમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અતિ મહત્વની સાબિત થઈ છે પ્રસ્તુત નામનો "ICDS Scheme to the Growth Development in Predchoolers : A Systematic Review Litrecture" નામનો લેખ જેમી એલીઝાબેથ જોસેફ દ્વારા 2014 મા પ્રકાશિત કરવામાં આવ્યો છે.આ લેખમાં ICDS સેવા યોજનાની પ્રણાલીગત સમીક્ષા કરવામાં આવી છે.

## 3 મીતીન પરમાર ,શશાક પટેલ અને અન્ય(2015) :-

આ સંશોધન લેખ માં આંગણવાડી કાર્યકરની આઇ.સી.ડી.એસ.યોજના વિશે સાચા જ્ઞાનનુ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.જેમાં આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ આઇ.સી.ડી.એસ.યોજના વિશે આંગણવાડી કાર્યકર વચ્ચેના મૂળ જાણવાનો છે.

આ અભ્યાસ અમદાવાદ જિલ્લાના એક બ્લોકનો છે.જેમાં 30 આંગણવાડી વર્કરો ની મુલાકાત લેવામાં આવી હતી.જેમાં તેના પગાર,ભથ્થા,કામના કલાકો,તે રોજ કેટલા ઘરની મુલાકાત લે છે તેમજ અન્ય લાભો ની આ જર્નલમાં ચર્ચા કરવામાં આવી હતી.

## 4 જોન્થન ગંગબાર,પવિત્રા રાજન અને કે.ગાયીત્રી :-

પ્રસ્તુત "Integrated Child Development Services in India A Sub-National Review", નામક લેખ જોનાથન ગંગબાર,પવિત્રા રાજન અને કે.ગાયત્રી દ્વારા 2014 મા પ્રકાશિત કરવામાં આવ્યો છે.પ્રસ્તુત અભ્યાસમાં ICDS ની અસરકારકતા મોટા પ્રમાણમાં અવરોધિત થઈ છે.જે આજે પણ એક પડકાર બની રહી છે.જેમાં ICDS ની ખામીઓ નબળી સંસાધન ફાળવણી શાસન માહિતીનો અભાવ વગેરેનો અભ્યાસ

આ લેખમાં કરવામાં આવ્યો છે.

## 6. ICDS યોજનાને સહાયક સંસ્થા :-

1 . UNICEF (UNITED NATIONS INTRNATIONAL CHILDREN FUND)

2 . WORLD BANK

ઉપરોક્ત બંને સંસ્થાઓ અને ભારત સરકાર દ્વારા આ યોજના માટે નાણાકીય ભંડોળ પૂરું પાડવામાં આવે છે.

## 7. સંશોધન અભ્યાસની પદ્ધતિ :-

પ્રવર્તમાન સમસ્યાઓના સમાધાન માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.સંશોધન અને જ્ઞાનમાં વધારો કરવા માટે સંશોધક જુદી જુદી સંશોધન પદ્ધતિ નો ઉપયોગ કરે છે.જેમાં ઐતિહાસિક સંશોધનપદ્ધતિ,વર્ણનાત્મક સંશોધનપદ્ધતિ તેમજ પ્રાયોગિક સંશોધન પદ્ધતિ નો સમાવેશ થાય છે.પ્રસ્તુત સંશોધન પત્ર માં વર્ણનાત્મક સંશોધનપદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## 8. માહિતી એકત્રીકરણ :-

પ્રસ્તુત સંશોધન પત્ર માં માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં ઇન્ટરનેટ,પૂર્વે થયેલા સંશોધનપત્રો અને વેબસાઇટનો સમાવેશ થાય છે.

## 9. માહિતીનું વિશ્લેષણ :-

ISDS PROJECT

| Years | Project |
|---|---|
| 1975 | 33 |
| 1980 | 100 |
| 1985 | 1130 |
| 1990 | 2438 |
| 1992 | 2694 |
| 1997 | 5614 |
| 2002 | 5652 |
| 2007 | 5829 |
| 2013 | 7025 |
| 2015 | 7067 |

**અર્થઘટન :-**

ઉપરોક્ત કોષ્ટક માં જોઈ શકાય છે કે ભારતમાં છે આ યોજનાની શરૂઆત થઈ ત્યારે 1975 મા 33 પ્રોજેક્ટ હતા જે એકંદરે વધતાં 1980માં 100,1985માં 1130 હતાં જે જાન્યુઆરી 2015 સુધીમાં વધીને 7067 પ્રોજેક્ટ નો વધારો થયો છે. જે આ યોજનાનો વ્યાપ દર્શાવે છે.

SUPPLEMENTARY NUTRITION BENEFICIARIES


(IN LAKHS)

| Years | Beneficiaries (in lakhs) |
|---|---|
| 1979 | 3.09 |
| 1980 | 5.94 |
| 1985 | 61.76 |
| 1990 | 140.52 |
| 1992 | 160.64 |
| 1997 | 227.11 |
| 2002 | 375.1 |
| 2007 | 705.43 |
| 2012 | 916.57 |
| 2013 | 956.12 |
| 2015 | 1045.1 |

**અર્થઘટન :-**

ઉપરોક્ત કોષ્ટકમાં આ યોજનાના લાભાર્થીઓની સંખ્યા આપેલી છે જેમાં 1976માં3.09 લાખ 1980 માં 5.94 લાખ તેમ વધતા દરે 2015માં 1045.1લાખ તેના લાભાર્થીઓ છે. ઉપરોક્ત બંને કોષ્ટક પરથી કહી શકાય કે આ યોજનાનો વ્યાપ અને તેના લાભાર્થીઓ મા વર્ષે ને વર્ષે વધારો થઈ રહ્યો છે તેથી કુપોષણમાં પણ ઘટાડો થયો હશે તેવું તારણ આપી શકાય.

VIDHYAYANA
# Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar




## અર્થઘટન :-

ઉપરોક્ત આકૃતિમાં Stunted એટલે (ઉમર કરતા ઓછીઊંચાઈ),Underweight એટલે(ઉમર પ્રમાણે હોવી જોઈએ તેના કરતાં ઓછુ વજન) અનેWasted એટલે ( ઉમર પ્રમાણે ઓછું વજન) વગેરે દ્વારા કુપોષણનું પ્રમાણ દર્શાવાયું છે જેમાં 2005-06માં Stunted નું પ્રમાણ 48% Underweightનું પ્રમાણ 42.5% અને Wadted નું પ્રમાણ 19.7% હતું. જે 2015-16 માં ઘટીને Wastedનું પ્રમાણ 38.4%,Underweight નું પ્રમાણ 35.8%અને Wasted નુંપ્રમાણ 21 %હતું જે પરથી કહી શકાય કે કુપોષણના પ્રમાણમાં સમય જતાં ઘણો ઘટાડો થયો છે.

## 10. તારણો :-

ઉપરોક્ત અભ્યાસ પરથી કહી શકાય કે આ યોજનાને લીધે કુપોષણથી થતાં મૃત્યુમાં ધારેલો નહીં પણ સુધારો થયો છે.

- આ યોજનાને લીધે કુપોષણમાં ઘટાડો થયો છે.
- આ યોજનાને લીધે શાળા છોડયાના દરોમાં ઘટાડો થયો છે. આ યોજનાના પ્રોજેક્ટ અને લાભાર્થીઓ માં વધારો થયો છે.
- આ યોજના પોતાના ધારેલા લક્ષ્ય સુધી નહીં પરંતુ મહદ અંશે તે પોતાનું લક્ષ્ય સિદ્ધ કરી રહી છે તેમ કહી શકાય.
- આ યોજનાથી અમુક ગામડાઓ તેમજ અમુક લોકો અજાણ છે તેથી તેના માહિતગાર કાર્યક્રમોનું

આયોજન કરવું જોઈએ.

- આ યોજનાને લીધે ધારેલો નહીં પણ મહદંશે બાળકો કિશોરીઓ અને માતાઓનો માનસિક,સામાજિક અને શૈક્ષણિક વિકાસ થયો છે તેમ કહી શકાય.

## 11. સંદર્ભ સૂચિ :-


### પુસ્તક

- જિલ્લા પંચાયત માહિતી પુસ્તિકા ગાંધીનગર 2015,(pg no 10to13)
- Central Monitoring Unit Book 2015,(pg no 2 to 5 )
- યોજના મેગેઝીન ગુજરાત

### સંશોધન પત્રો

- J. E. Joseph (2014) "A critical review on the efficacy of integrated child development service scheme with concern to growth progressions in early childhood", Scientific Journal of Medical Science. ISSN 2322-5025.
- Jemy Elizabeth Joseph (2014)"ICDS Scheme to the Growth Development in Preschoolers: A Systematic Review of Literature", International Journal of Public Health Science. ISSN 2252-8806.
- Mitin Parmar,Shashank Patel and other(2015) " Knowledge of Anganwadi Worker about Integrated Child Development Services (ICDS): A Study of Urban Blocks in Ahmedabad District of Gujarat", International Journal of multidisciplinary research and development. eISSN 2349-4182 p-ISSN2349-5979.

- Jonthan Gangbar, Pavitra Rajan and K. Gayithri (2014), " Integrated Child Development Services in India -A Sub National Review", A Sub National Review.

WEBSITE

- Icds. Gujarat. Gov. In
- Icds.Gujrat.Gov.In
- Wikipedia.org
- Vikaspedia. In